# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રગતિ મંચ અંતર્ગત રાજ્યોની 30 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથેની માળખાકીય પરિયોજનાની સમીક્ષા કરી.

2) હરિયાણાના ગુરુગ્રામ ખાતે આજથી 11મી બ્રિક્સ ઊર્જા મંત્રીઓની બેદિવસીય બેઠકનો આરંભ થશે.

3) અમેરિકાની ફેડરલ અદાલતે ટ્રમ્પના ચૂંટણી સંબંધિત કાર્યકારી આદેશની મોટાભાગની જોગવાઈઓ પર પ્રતિબંધ લાદ્યો.

4) આજે વહેલી સવારે વેનેઝુએલા અને જાપાન ધરતીકંપથી ધ્રુજ્યુ.

5) આજે સંવિધાન હત્યા દિવસ - કટોકટીથી પીડિતોને શ્રદ્ધાંજલી અર્પણ કરાશે.

6) ICC મહિલા T20 વિશ્વ કપમાં, ભારત આજે બાંગ્લાદેશ સામે ટકરાશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-PRAGATI MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સેવા તીર્થ ખાતે પ્રગતિ મંચની 52મી બેઠકમાં ચાર રાજ્યોમાં રોડ, ઉર્જા, ઔદ્યોગિક કોરિડોર અને મેટ્રો રેલ ક્ષેત્રોમાં 30 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથેના ચાર મુખ્ય માળખાકીય પરિયોજનાની સમીક્ષા કરી. આર્થિક વિકાસ, પ્રાદેશિક જોડાણ, ઔદ્યોગિક વિકાસ અને જાહેર કલ્યાણને વેગ આપવાના ઉદ્દેશ્યથી આ પ્રોજેક્ટ્સની સમીક્ષા સમયમર્યાદા, આંતર-એજન્સી સંકલન અને બાકી રહેલા મુદ્દાઓના ઝડપી નિરાકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રીએ સંબંધિત મંત્રાલયો અને રાજ્ય સરકારોને અવરોધો દૂર કરવા અને પ્રોજેક્ટ અમલીકરણનું નજીકથી નિરીક્ષણ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

પ્રધાનમંત્રી કાર્યાલયે માહિતી આપી કે બેઠકમાં ટીબી મુક્ત ભારત અભિયાનની પણ સમીક્ષા કરવામાં આવી. જેમાં પ્રધાનમંત્રી એ જાગૃતિ અભિયાન, દર્દી ફોલો-અપ અને સમુદાય ગતિશીલતાના પ્રયાસોમાં એનસીસી કેડેટ્સ અને માય ભારત સ્વયંસેવકોને સામેલ કરવાનું સૂચન કર્યું. શ્રી મોદીએ સાયબર ક્રાઇમ અને ડિજિટલ ધરપકડના કેસોને લગતી ફરિયાદોની વધુ સમીક્ષા કરી. તેમણે રાજ્યોને સાયબર છેતરપિંડીની ફરિયાદોની ઝડપી નોંધણી અને પ્રતિભાવ માટે ઇ-ઝીરો FIR પદ્ધતિઓને સક્ષમ બનાવવા તરફ કામ કરવા અપીલ કરી.

# PM ARMENIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આર્મેનિયાના પ્રધાનમંત્રી નિકોલ પશિનયાન અને તેમની પાર્ટીને તાજેતરમાં યોજાયેલી સંસદીય ચૂંટણીમાં વિજય બદલ અભિનંદન પાઠવ્યા છે. ગઈકાલે બંને દેશોના પ્રધાનમંત્રીએ ટેલિફોનિક વાતચીત કરી હતી. શ્રી મોદીએ પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસને પગલે ઈરાનમાં ફસાયેલા ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં મદદરૂપ થવા બદલ શ્રી પશિનયાનનો આભાર માન્યો હતો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યું કે, તેમણે વેપાર, સંરક્ષણ, ટેકનોલોજી અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના મુદ્દે ભારત અને આર્મેનિયા વચ્ચે બહુપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. પ્રધાનમંત્રી કહ્યું કે તેઓ ભારત-આર્મેનિયા સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવા શ્રી પશિનયાન સાથે નજીકથી કામ કરવા આતુર છે.

# BRICS-ENERGY MINISTERS MEETING

હરિયાણાના ગુરુગ્રામ ખાતે આજથી 11મી બ્રિક્સ ઊર્જા મંત્રીઓની બેદિવસીય બેઠકનો આરંભ થશે. આ બેઠકમાં ત્રણ મુખ્ય પ્રાથમિકતાઓ - ઊર્જા સુરક્ષા અને ટકાઉપણું, ઊર્જા પોંહચ  અને સમાનતા, અને ટેકનોલોજી અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. બ્રિક્સ સભ્ય દેશોના ઊર્જા મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ બેઠકમાં ભાગ લેશે. આ વર્ષે ભારતની બ્રિક્સ અધ્યક્ષતા "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ" વિષયવસ્તુ દ્વારા સંચાલિત છે. આ બેઠક ભારતને વૈશ્વિક દક્ષિણની પ્રાથમિકતાઓને આગળ વધારવા અને સમાવિષ્ટ વૈશ્વિક ઊર્જા ભવિષ્યને આકાર આપવામાં યોગદાન આપવા એક મહત્વપૂર્ણ મંચ પણ પ્રદાન કરશે.

# INDIA OBJECTED TO PAKISTAN AT UN

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાન દ્વારા કાશ્મીર મુદ્દો ઉઠાવવા સામે ભારતે સખત વાંધો ઉઠાવ્યો છે. પાકિસ્તાન પર સંયુક્ત રાષ્ટ્રના મંચનું રાજકારણ કરવાનો આરોપ લગાવતા, ભારતે કહ્યું કે સહ-અધ્યક્ષ તરીકે તટસ્થતા જાળવવાને બદલે, પાકિસ્તાને તેના પદનો દુરુપયોગ કર્યો છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, પી. હરીશે, જમ્મુ અને કાશ્મીર પર ભારતના વલણને પુનરાવર્તિત કર્યું.

(BYTE - SI-P-HARISH)

# GOYAL-UK VISIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ આજે બ્રિટેનના લંડનની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે જવા રવાના થશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે આ મુલાકાત આગામી મહિનાની 15મી તારીખે ઐતિહાસિક ભારત-બ્રિટેન વ્યાપક આર્થિક અને વેપાર કરાર -CETA અને ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન DCC અમલમાં આવતાં પહેલાં થઈ રહી છે. મુલાકાત દરમિયાન, શ્રી ગોયલ બ્રિટેનના વેપાર સચિવ પીટર કાયલ સાથે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠક કરશે. જેમાં વેપાર કરારના અમલીકરણ માટેની તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરાશે. બંને દેશો DCC ની રૂપરેખાની સમીક્ષા પણ કરશે, જે બંને દેશો વચ્ચે વ્યાવસાયિકો અને વ્યવસાયોની વધુ ગતિશીલતાને ટેકો આપશે. આ ઉપરાંત સેવા ક્ષેત્રોમાં બજાર પોંહચ અને દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવાના પગલાં પર પણ ચર્ચા કરાશે.

મુલાકાત દરમિયાન, શ્રી ગોયલ લંડનમાં ભારત વૈશ્વિક મંચના પૂર્ણ સત્રને સંબોધિત કરશે. તેઓ ઉદ્યોગના નેતાઓ અને રોકાણકારો સાથે સરકાર-થી-વ્યવસાય સંબંધોની શ્રેણીમાં પણ ભાગ લેશે. તેઓ એશિયા હાઉસ દ્વારા આયોજિત મુખ્ય વૈશ્વિક નાણાકીય અને ઔદ્યોગિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે એક ગોળમેજી ચર્ચાનું પણ નેતૃત્વ કરશે.

# CIVIL AVIATION-AIR INDIA

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું કે ગત 22મી તારીખે, દિલ્હીથી અમૃતસર જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ પક્ષી સાથે અથડાયાની ઘટના બાદ રનવે નિરીક્ષણને કારણે અમૃતસર પહોંચતી વખતે રોકવાની સૂચના આપવામાં આવી હતી. ઘટનાની જાણ ન કરવા બદલ અમૃતસર ખાતે સંબંધિત એર ટ્રાફિક કંટ્રોલર અને ઓપરેટિંગ ક્રૂ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું  કે વિમાન રડાર વેક્ટરિંગ દરમિયાન થોડા સમય માટે પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશી ગયું હતી. આ ઘટના અને પાકિસ્તાનના અધિકારીઓ સાથે સંકલન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિમાનને દિલ્હી તરફ વાળવામાં આવ્યું અને સુરક્ષિત રીતે ઉતરાણ કરાવવામાં આવ્યું હતું.

# TRUMP-FEDERAL-JUDGE-CITIZENSHIP

અમેરિકાની ફેડરલ અદાલતે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ચૂંટણી સંબંધિત કાર્યકારી આદેશની મોટાભાગની જોગવાઈઓ પર કાયમી ધોરણે પ્રતિબંધ મૂક્યો છે. બોસ્ટનમાં જિલ્લા અદાલતના ન્યાયાધીશ ડેનિસ કેસ્પરે જણાવ્યું કે અમેરિકાનું બંધારણ રાજ્યો અને કોંગ્રેસને ચૂંટણીઓનું નિયમન કરવાનો અધિકાર આપે છે અને ટ્રમ્પની પ્રસ્તાવિત જોગવાઈઓ સત્તાના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે.

ઉલ્લેખનીય છે કે શ્રી ટ્રમ્પના આદેશમાં મતદાર નોંધણી માટે નાગરિકતાના દસ્તાવેજી પુરાવા ફરજિયાત બનાવવા, ચૂંટણી બાદ પ્રાપ્ત પોસ્ટલ બેલેટની ગણતરી બંધ કરવા અને નિયમોનું પાલન ન કરતા રાજ્યોના ભંડોળને રોકવા જેવી જોગવાઈઓ શામેલ હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# JAPAN – VENEZUELA EARTHQUAKE

વેનેઝુએલામાં,આજે સવારે યુમારે શહેરમાં 7.5 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. અગાઉ સાન ફેલિપમાં 7.2 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો.

પ્રારંભિક અહેવાલો મુજબ, વેનેઝુએલાના કારાકાસમાં અનેક માળખાં ધરાશાયી થયા છે. ભૂકપને લઈને ચેતવણીઓ જાહેર કરવામાં આવી હતી.

બીજી તરફ જાપાનમાં આજે સવારે દેશના ઉત્તર ભાગમાં 6.9 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર ઇવાતે પ્રીફેક્ચરના દરિયાકાંઠે 50 કિલોમીટર ઊંડે નોંધાયું હતું. જોકે, સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી અને કોઈ જાનહાનિના અહેવાલ નથી.

# SAMVIDHAAN-HATYA-DIWAS

આજે સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. 25 જૂન 1975 ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ ફકરુદ્દીન અલી અહેમદે કટોકટીની જાહેરાત કરી હતી. આ દિવસ કટોકટીના અતિરેકથી પીડાતા દરેક વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે.

સાંભળીએ એક અહેવાલ...

**(V/C - SAKLEN-AKHTAR)**

# T20 WC - IND A VS BAN A

ICC મહિલા T20 વિશ્વ કપમાં, ભારત આજે માન્ચેસ્ટરના અમીરાત ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ગ્રુપ A માં બાંગ્લાદેશ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મહિલા ટીમ હાલમાં ગ્રુપ A માં બીજા સ્થાને છે. ટીમે 3 માંથી 2 મેચ જીતી છે.

ભારતે પોતાના અભિયાનની શરૂઆત કટ્ટર હરીફ પાકિસ્તાન સામે 64 રને વિજય સાથે કરી હતી, ત્યારબાદ નેધરલેન્ડ્સ સામે 95 રનથી વિજય મેળવ્યો હતો. જોકે, દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

# TEST---IND-A-VS-SL-A

ભારત A અને શ્રીલંકા A વચ્ચે બે મેચની ટેસ્ટ ક્રિકેટ શ્રેણી આજથી શરૂ થશે. આ મેચ શ્રીલંકાના ગેલ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે સવારે 10:00 વાગ્યે રમાશે. ભારત A ટીમનું નેતૃત્વ ધ્રુવ જુરેલ કરશે.

# IRAN IAEA INSPECTION

આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી અમેરિકા સાથેના પ્રારંભિક શાંતિ કરાર હેઠળ ઈરાનમાં નિરીક્ષણ કરશે. જાપાનમાં પત્રકારો સાથે વાત કરતા, એજન્સીના મહાનિદેશક રાફેલ ગ્રોસીએ જણાવ્યું કે, ટૂંક સમયમાં નિરીક્ષણની પદ્ધતિઓ – તારીખ અને સ્થળો નક્કી કરાશે. તેમણે કહ્યું, ગયા અઠવાડિયે હસ્તાક્ષર કરાયેલા કરારમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઈરાનના અત્યંત સમૃદ્ધ યુરેનિયમને ઓછંક કરવાની પ્રક્રિયા IAEAની દેખરેખ હેઠળ કરાશે.

જોકે, ઈરાનના નાયબ વિદેશ મંત્રીએ કહ્યું કે, ક્ષતિગ્રસ્ત પરમાણુ સુવિધાઓ અને પરમાણુ સામગ્રીની પોંહચ ફક્ત અમેરિકા સાથેના અંતિમ કરારના માળખામાં જ ઉકેલવામાં આવશે.

# RURAL-DEVELOPMENT-WORKSHOP

ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા આજે નવી દિલ્હીમાં ગ્રામીણ વિકાસમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ પર રાષ્ટ્રીય કાર્યશાળા યોજાશે. આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય ગ્રામીણ ભારતની વિકાસ જરૂરિયાતો માટે કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ઉકેલો પર ચર્ચા કરવાનો છે. આ કાર્યક્રમમાં નીતિ નિર્માતાઓ, નિષ્ણાતો, ઉદ્યોગ, સ્ટાર્ટઅપ્સ અને શિક્ષણ ક્ષેત્રના પ્રતિનિધિઓ ભાગ લેશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કાર્યશાળાના સૂચનો ગ્રામીણ વિકાસમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના સલામત અને અસરકારક ઉપયોગ માટે નીતિગત માળખું વિકસાવવામાં મદદ કરશે.

# STARMER - UK MP

બ્રિટેનમાં કીર સ્ટાર્મર પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ લેબર પાર્ટીના સાંસદ  તરીકે તેમનો કાર્યકાળ ચાલુ રાખશે. શ્રી સ્ટાર્મર હાલમાં કાર્યકારી પ્રધાનમંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. જ્યારે પક્ષના નવા વડાની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે.

શ્રી સ્ટાર્મરે ગત સોમવારે તેમના રાજીનામાના ભાષણમાં "સત્તાની સુવ્યવસ્થિત રીતે સોંપણી" નું વચન આપ્યા બાદ મેકરફિલ્ડના નવા ચૂંટાયેલા સાંસદ અને પ્રધાનમંત્રી પદના દાવેદાર એન્ડી બર્નહામ સાથે તેમની પ્રથમ મુલાકાત કરી હોવાનું મનાય છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં મુંબઈમાં થયેલા મુશળધાર વરસાદ અંગેના સમાચાર મુખ્યત્વે વાંચવા મળી રહ્યા છે..
- સંદેશ, ફૂલછાબ અને નવગુજરાત સમય લખે છે કે, મુશળધાર વરસાદથી મુંબઈ પાણી-પાણી, ચોમાસું 13 દિવસ મોડું પણ એન્ટ્રી ધમાકેદાર: 12 ઇંચ વરસાદ ખબક્યો..
- દિવ્ય ભાસ્કર લખે છે કે, ગુજરાત પહોંચ્યું ચોમાસું: 3 દિવસ પછી ગતિ પકડશે, પછી આખા દેશમાં વરસશે..
- અને ગુજરાત સમાચાર લખે છે કે, AI ન શીખવાનું શીખી રહ્યું છે, ભેદભાવ-હિંસા વધારશે..
- સ્થાનિક સમાચારોમાં સલાયાથી પ્રતિબંધિત નશીળી દવાઓ યમન મોકલવાનું રેકેટ ઝડપાયું, ધ્રોલ નજીક લતીપર હાઇવે પર બે કાર વચ્ચે અકસ્માતમાં 3 વ્યક્તિઓના મોત, ભરતી નિયમોમાં ફેરફાર: હવે વહીવટી અધિકારી ક્લાસ 1-2 માટે ફ્રેશ ઉમેદવારો અરજી કરી શકશે, ગુજરતમાં બનેલા નકલી પ્લાઝમા મહારાષ્ટ્રની 2 બ્લડ બેન્કમાં વેચાયા, GST અધિકારીઓની મિલીભગતથી 600 કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ પકડાયું જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.